श्री मल्लिजिन स्तुति.

મુનિરાજ શ્રી ધર્મવિજયજીના શિષ્ય

मुनि रत्नविजयजी विरचित

શ્રી મુનિપતિ રાસના રચનાર.

પ્રગટ કર્તા.

जैनधर्म विजय पुस्तकालय.

વિરમગામ.

પ્રથમ આવૃત્તિ   પ્રત ૧૦૦૦

અમદાવાદ.
"ઍંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં
નથુભાઈ રતનચંદ માસ્કતીયાએ છાપી.
વિક્રમાર્ક સંવત ૧૯૬૦   વીર સંવત ૨૪૩૦

કિંમત ૦-૨-૦

અર્પણ પત્રીકા.

परम पूज्य मुनिराज श्री धर्मविजयजी.

આ પુસ્તકાલય ઉપર આપના અગણીત ઉપકારો થયા છે. ટુંકામાં તેની હયાતીજ આપની પ્રેરણાથી થયેલી છે. જૈન વર્ગમાં ધાર્મિક કેળવણીના પ્રસાર માટે આપ અનેક સંકટ સહન કરી બનારસ પાઠશાળાની સ્થાપના કરી હાલ ત્યાંજ નિવાસ કરી રહ્યાછો તેથી આપના શિષ્યરત્ન મુનિશ્રી રત્નવિજયજીએ રચેલું આ લઘુ પુસ્તક અમને પ્રગટ કરવા આપેલું તે આપને સવિનય અર્પણ કરીએ છીએ.

શ્રી જૈનધર્મ વિજય પુસ્તકાલય.

વિરમગામ.

પ્રસ્તાવના.

મુનિ શ્રી રત્નવિજયજી ગયા ચાતુર્માસમાં ભોયણી પાસેના કુકવાવ ગામમાં રહેલા તેમણે વખતોવખત શ્રી મલ્લિજીનેશ્વર ભગવંતનાં દર્શન કરતાં તેમની સ્તુતિ રૂપે આ લઘુ પુસ્તકની રચના કરેલી છે. તે તેમણે સર્વે ધર્માભિલાષિ જૈની ભાઇઓના ઉપયોગ સારૂ પ્રગટ કરવાને આ પુસ્તકાલયને આપવાથી, તેમની ઇચ્છાનુસાર સર્વે જૈની ભાઇઓની સમક્ષ તેને મુકવામાં આવે છે. કર્ત્તા મુનિરાજ કેવી અદ્દભુત કવિત્વ શક્તી ધરાવનાર છે તે પુસ્તકમાં આવેલી સ્તુતીઓ, ચૈત્યવંદનો વગેરે જે તેમણે જીનેશ્વર ભગવંતનાં દર્શન સમયેજ તાત્કાળીક બનાવેલાં તે વાંચતાં સહજ અનુભવ થશે.

જૈન વર્ગમાં ધાર્મિક વાંચણુની બને તેટલી વૃદ્ધિ કરવાની મુનિશ્રીની ઇચ્છા પાર પડશે તો તે પોતાનો પ્રયાસ સફળ થયેલો ગણશે.

વિરમગામ
વીર સંવત ૨૪૩૦—
કાર્તિક શુદ ૧—

શ્રી જૈનધર્મ વિજય પુસ્તકાલય

श्री मल्लिजिन स्तुति.

अथ प्रभु प्रार्थना.

દુહો.

ભેઠા ભાવે ભોયણી, શ્રી મલ્લિ મહારાજ;
અરજ સાંભળી આપણી, કરશે પૂરણ કાજ. ૧

ગીતિ.

ભણજો ભવતારકનાં, ભાષિત વચનો રૂડી પરે સઘળાં;
પાપ અનળ ઠારકના, ભરજો ભક્તિ થકી સન્મુખ પગલાં. ૧
એ છે સુખનો દાતા, પાપ પ્રલય કરી તમામ આપણનાં;
કરશે પૂરણ શાતા, આંસુ લૂસે કરૂણાજી આપણનાં. ૨
ખોળામાં બેસાડી, મુખચુંબન કરી વિપત્તિ અપહરશે;
પૂરણ સ્નેહ દેખાડી, ભક્તવત્સળતા ધણીજ આદરશે. ૩
આપણના અપરાધો, વદને વદતા હીસાબ કદી નાવે;
વ્હાલો હરશે વાંધો. એક પલકમાં પરાર્ધે પરચાવે. ૪
હિંસા દોષ લગાડ્યા, જૂઠું બોલી મનુષ્ય લલચાવ્યા;
જૂઠા ક્લેશ વધાર્યા, અવળે રસ્તે અવેજ ખરચાવ્યા. ૫
મૈથુન મન સંતાપ્યા વિશ્વ વિરૂદ્ધાચરણ કરી ઝાઝાં;

શુર વચનો ઉત્થાપ્યા, ગુણવંત પુરૂષ તણી તજી માઝા. ૬
શીલકત મમતા ધારી, દુર્વ્યસનો દ્વેષ વિશ્વ વિષે સેવ્યા;
ઉપકારો વિસારી, અવગુણને ગુણ કરી મને ટેવ્યા. ૭
ક્રોધાદી દુષણને વધાર્યાં, વિભાવ રસ નિરસ આપી;
ન ભજ્યા જગ ભૂષણને, ન શક્યો રીસ વિષ વહ્નિ જરા કાપી. ૮
એમ અનંતા દોષો, કામ વિના ફકફડાકપણે લાગ્યા;
સંભાર્યાથી રોશો, ભેટો પ્રભુને નહિ થશો ધાંધા. ૯
એ ટાળીને બીજો, હાહા ખેદ પુકાર કણ સુણશે;
દિલમાં એ ગોઠવીજો, અન્ય ઉપાય ન બીજો કિહાં બનશે. ૧૦
માટે લાયક લોકો, જગનાયકના પાયક થઇ રહેજો;
રખે ખાતા કાં ઝોકું, ખાંડાનો ખેલજ ખેલી રહેજો. ૧૧
વરજી અન્ય વિટલને, સમકિત લેજો કુંભ નૃપાત્મજનું;
ધરજો ધીંગડ મલને, ગાલ રૂપાળું મળે અધ્યાત્મજનું. ૧૨
કરૂણાળા ગુણવાળા હરિહર જાળ જાસનાદિથી મ્હોટા;
રખવાળા હિતવાળા, હરશે કિંકરજનો તણા ટોટા. ૧૩
સરિતા પતિ સમ ટેવો. ગોષ્પદ સરખી કુદેવ તણી ચેષ્ટા;
મળશે નહિ ક્યાં એહવો, ભાવણી નાથ વિષે ધરો નિષ્ઠા. ૧૪
મળશે મનહર માયા, અલબેલો આપશેજ અલખતને;
કર નિજ અર્પણ કાયા, જિન નામ રૂપ ધર નજીક ખતને ૧૫
સર્વાધારા પ્યારા, અભરણ ભરવા રણ વિષે રખવાળા;
બાંધ્યા સરલા ધારા. નરનારીને તમામ હિતવાળા. ૧૬
પ્રાયશ્ચિત વિદારી, પાવન કરજો કૃપાળુ હરઘડીએ;
બળિયા તુજ બલિહારી, અમને નભતું હમેશ તુજ પડીએ. ૧૭

મત્સ્ય ભણી જ્યમ પાણી, સારંગપ્રાણી રૂચેજ કમળાને;
વાણીને જ્યમ વણી, તેમ રૂચ્યોછો જિનેશ સઘળાને. ૧૮
જિભકુના મુખ બોલી, સંભળાતું સહુ તને આ ટાણે;
શું કહું અંતર ખોલી, અરજી મરજી તમામ તું જાણે. ૧૯
નથી કોઇ અક્ષર એહવો, પદ શબ્દ શ્લોક પદાર્થ જગ માંહે;
નકીનો ન મળે તેહવો, ગુણ સ્તવના કિમ કરી શકુ પ્રાહે. ૨૦
સઘળું વાઙમય જે છે, સ્તવના રૂપે રચે કવિ કોઇ;
સાક્ષી એમ મળે છે, કીર્તિ અવસાન નહિ પામશે તોઇ. ૨૧
માફ કરીને પાપો તારી સહુને ધરો સદા સંગે;
સાહેબ સંકટ કાપો, વદે વિનતિ રત્નવિજય રંગે. ૨૨
શીખી પીંગળ રીતી, દક્ષિણ દેશમાં રચ્યો સુગે ગીતિ;
ધરી પ્રભુ પદમાં પ્રીતી, જરૂર જશે જડતા તણી બીતિ. ૨૩

ચૈત્યવંદનો.

૧

બેટા બારે બેપગી, જ્યાં છે મલ્લિનાથ;
દીપે દેવળ દેવનું, સચો શિવપુર સાથ. ૧
કલિમળ પાપ પખાળવા, એ છે એકલ મલ્લ;
પરતા પૂરણ પરગડો, ઓગણીસમો જિન મલ્લ. ૨
કર્મ નિદારણ કેસરીએ, જીત્યા ર નિદારણ કર્મ;
રત્નવિજય કહે સાહેબા, જયજય અભરણ ભરણ. ૩

૨
હરિગીત.

ભૂ ભામિની શુભ ભાલ સ્થળમાં ભાગ્યશાળી ભોયણી,
જ્યમ માનસરમાં સરસ શોભે સુઘડ પંકજ પોયણી;
જ્યાં રાજહંસ વતંસ રાજા રાજ રાજા નાથજી,
સુખદાન કદરદાન તું ભગવાન મલ્લિનાથજી. ૧
જ્યાં નિશાળો ધર્મશાળા ચતુરશાળા દીપતી,
પૌષધશાળા અતિ રસાળા તરૂ સુખાળા કીમતી;
જરૂર જોવા જોગ્ય જેવો જેહનો છે ઠાઠજી. સુખ૦ ૨
ચોગાન મધ્યે ચૈત્ય દીપે વિમાન જાણે સ્વર્ગનું,
પ્રચીત ખૂબીદાર જાણે બારણું અપવર્ગનું;
રૂડો રચેલો રંગમંડપ સંગેમરમર જાતજી. સુખ૦ ૩
ઝમરૂખને કમરૂખ વાળું કામ ફર્નીચર તણું,
ઘૂમટને ચોપાટ સ્વસ્તિક નિરખી રીઝે મન ઘણું;
ગંભીર ગભારા વિષે પ્રભુ રાજતો જગનાથજી. સુખ૦ ૪
કાઉસગ્ગિયા ભગવાન શોભે ઋષભને શ્રી વીરજી,
કલિકાળને તત્કાળ હણવા, માનુ ઊભા વીરજી;
વામને વળી ઇતર બાજુ અજિતને અરનાથજી. સુખ૦ ૫
સંપ્રતિ નૃપતિ તણી શુભ ભરાવેલી સ્થાપના,
છે સવા ક્રોડજ જૈન પડિમા, સરસ એકજ છાપના;
આચાર્ય આર્ય સુહસ્તિ હાથે પ્રતિષ્ઠા પ્રખ્યાતજી. સુખ૦ ૬
જિનબિંબ ભાળી ભાગ્યશાળી હૃદયમાં હરખાય છે,
અસ્થિ મજ્જા પ્રેમવાળો જરૂર તેહ જણાય છે;

નમન પૂજન સ્તવન કરતાં લહે અવિચળ આથજી સુખ૦ ૭
પ્રભુ ભેટવા મન જે કરે તસ લાભ છે ઉપવાસનો,
ઊભા થવાથી ઉભય તો ધુર ચરણ વસુ ઉપવાસનો;
અનુક્રમે તિમ દશ બતાવ્યા મધ્યમાં અધ માસજી. સુખ૦ ૮
નિહાળવાથી માસ ફળ ખટમાસ પોચ્યા થાય છે,
બારણે ફળ બારમાસી લાભ ક્રમ લેવાય છે;
શતવર્ષના ઉપવાસનું ફળ ભમતીએ ભલી ભાતજી. સુખ૦ ૯
જિન પૂજને ફળ સહસ્ર સંખ્યા લક્ષ સંખ્યા માળથી,
ચૈત્યવંદન સ્તવન થોયો સ્નાત્ર ગીત વિશાળથી;
અસંખ્યને અનંત લાભો લઇ લાયક ભકતજી. સુખ૦ ૧૦
તુમ ચરણ રસિયો શરણ વસિયો રંગરસિયો દાસ છું,
થા પ્રગટ પ્યારા પ્રભુ હમારા હું તમારો ખાસ છું;
કર મ્હેરની હવે લ્હેર વ્હાલા રત્ન કહે સુણ તાતજી. સુખ૦ ૧૧

૩

જય પરમશંકર નાશ શ્રીકર સ્વામી જિન સર્વ કામદા,
સર્વ વિઘ્નહર પરમશક્તિ, સ્વયંસિદ્ધ પરમાર્થદા;
પરબ્રહ્મ શરણ્ય સુરજ્યેષ્ઠ સર્વ સત્વહિત તું ધણી,
જય મલ્લિ જિનવર સકળ સુખકર ભકતવત્સળ ભોયણી. ૧
જય દેવદેવા શ્રી નિવાસી સર્વ સિદ્ધિ પ્રદાયકા,
ભૂતેશ યોગી નિત્ય ધર્મા શુભાર્ણવ જગનાયકા;
સર્વ વ્યાપી સર્વ ગોત્તમ ચિદાનંદમય તું ધણી. જય૦ ૨
જય પરમ શંભુ અજ સનાતન સદાશિવ પરમેશ્વરા,

યોગાત્મા સર્વદર્શી સર્વ દેવેશ ઇશ્વરા;
પરબ્રહ્મ પ્રકાશક તત્વમૂર્તિ વ્યક્તરૂપી તું ધણી. જય૦ ૩
જય પરમ અમૃત સિદ્ધિદાતા સુરેંદ્ર જગદીશ્વરા,
અજર અમર અખંડ અયોગ સર્વદ પરમાક્ષરા;
પરમાણુ શુભપ્રદ પરાદિત્ય એક નિરંજન તું ધણી. જય૦ ૪
જય નિરામય ધ્યાનલક્ષ્ય સકળ નિષ્કળ અવ્યયા,
સર્વજ્ઞ ક્ષેત્રાધીશ નિર્મળ નિર્વિકારી નિર્ભયા;
જગદ્‌ગુરૂ સાકાર ત્રયીમય ઓંકારાકૃતિ તું ધણી. જય૦ ૫
જય વિશ્વેશ્વરા નિર્વિકલ્પી પરામૃતમય અચ્યુતા,
શુદ્ધ સ્ફટિક સંકાશ ભગવાન્ જિનેશ પરમાચ્યુતા;
આદ્ય અનાદ્ય મનઃ સાધ્યો પ્રભુ પરાપર તું ધણી જય૦ ૬
જય સર્વ દેવમય મનોધ્યેય પ્રાણારૂઢ મનઃ સ્થિતી,
બ્રહ્મહૃદય પ્રકાશાત્મક શાંત સર્વાત્મા યતિ;
જ્ઞાનાત્મા પુમાન્ નિત્ય સર્વ તીર્થમય તું ધણી. જય૦ ૭
જય શિવાત્મક પરમજ્યોતિ લોકાલોક પ્રકાશકા,
અકર્તા પરમેષ્ઠી પારગ શિવશ્રી સુખદાયકા;
દિવ્ય તેજોમય અનંત અગમ્ય પુરૂષોત્તમ તું ધણી જય૦ ૮
જય પરમાત્મા પરેશાન વ્યોમાકાર સ્વરૂપ તું,
વીતરાગી અપ્રમેય એહવો બહુનામી જગ ભૂપ તું;
અષ્ટોત્તરશત નામ ત્હારા જય જય શાસનના ધણી. જય૦ ૧૦
તુજ નામ જપતાં પાપ નાસે ગરૂડથી જ્યમ વિષધરા;
હરિ યમે નોબતનાદથી જ્યમ અહિત ચર્મના દુકલા;
પાપ તસ્કર દૂર કરવા શક્તિવાળો તું ધણી. જય૦ ૧૦

સુરરાજ શ્રી ઋદ્ધિચંદજી મહારાજ લાયક સદગુણી,
તસ શિષ્ય શાસન રસિક સાચા ધર્મોપજય ? મહામુની;
તસ ચરણ સેવક રત્ન પભણે મલ્લઆતામી તુ ધણી. જય૦ ૧૧

૪

કુંભ ભૂપ કુળ દિન મણિ, શ્રી મલ્લિ જિનરાજ;
માત પ્રભાવતી જનમિયા, બાળપણે તારક જહાજ. ૧
પચીસ ધનુષ તનુ દીપતો, નીલવરણું છબી ખાસ;
સહસ પંચાવન વર્ષનું, આયુ જગમાં પ્રકાશ. ૨
કુબેરયક્ષ ધરણીપ્રિયા, સેવે અહોનિશ ખાસ;
પૂરણ કરશો પ્રેમથી, રત્નવિજયની આશ. ૩

૫

ત્રિભંગી છંદ.

નરનારી તાર્યા પાપ નિવાર્યા કાર્ય સુધાર્યા બાળ વાર્યા,
સહુ તુજથી હાર્યા વ્હેમ વિસાર્યા મોક્ષ પધાર્યા અણુમાપ;
દૈવતદાતારા નિર્વિકારના ભયહરનારા તરનારા,
"જયજગદાધારા મોહનગારા સુખકરનારા પ્રભુપ્યારા" ૧
જયત્રિભુવનસ્વામી ટાળકખામી પદ્મીપામી બહુનામી,
તુઅંતરજામી અવિચળગામી, પૂજ્યપ્રણામી નિષ્કામી;
પંચમગતિપામી વિશ્વવિરામી છોહિતકામી બહુપ્યારા. જય૦ ૨
જયકેવળધારી મોહવિદારી અતિશયધારી અધિકારી,
તાર્યાનરનારી જ્ઞાનઉચ્ચારી સદ્ધિઉમારી ઉપકારી;
મહામંગળકારી આકૃતિધારી સંજમધારી છો પ્યારા. જય૦ ૩

જયઆત્મવિલાસી તત્વપ્રકાશી આશાદાસી ગુણરાસી,
ટાળીચઉરાસી કર્મવિનાશી માયાફાંસી ગધનાશી;
પુરણઆભાસી શિવપુરવાસી ગતઅભિલાષી ભોન્યારા. જય૦ ૪
જયજયઅરિહંતા લક્ષણવંતા યશઉચરંતા સહુસંતા,
તુજધ્યાનધરંતા નામજપંતા ભકતઅનંતા ઉલસંતા;
તુંટાળકચિંતા વિઘ્નહરંતા શરણગ્રહંતા સહુતહારા. જય૦ ૫
જયશિવસુખદાતા તુંપિતુમાતા ભાવિકત્રાતા કરશાતા,
તુજનિકટઠરાતા જ્ઞાનિગણાતા તુજસમથાતા પંકાતા;
છેતુજરસરાતા વિશ્વવિખ્યાતા ગુણનીગાથા ગણનારા. જય૦ ૬
જયજયકરૂણાળા પ્રભુદુંદાળા શુભકર્મળા ગુણવાળા,
જયઝાકઝમાળા ધૈર્યવિશાળા શ્યામસુખાળા યશવાળા;
નરનારીવ્હાલા મોહનમાળા અમૃતપ્યાલા પીનારા. જય૦ ૭
જયમલ્લિજિનેંદા ગુણમકરંદા ધૈર્યગિરીંદા જિનચંદા,
સેવતસુરવૃંદા ભકતાનંદા તેજદિણંદા મુખચંદા;
તુંભોયણઇંદા મેતુજગંદા જયસુખકંદા આધારા. જય૦ ૮

સ્તવનો.

૧

તમે ધ્યાવોરે. એ દેશી.

જગતારક જિનરાજજી, મને તારજોરે;
સારજો વંછીત કાજ, મલ્લિજિન તારજોરે;
ભોયણી ભૂષણ સાહેબા મનેતારજોરે,
કરૂણા કર મહારાજ, મલ્લિજિન તારજોરે. ૧

કુંભથકી જે ઉપન્યા, મનેo મુનિવર જેહ અગસ્ત; મલ્લિo
લબ્ધિબળે અંજળી વિષે, મનેo પીધો જળધિ સમસ્ત. મલ્લિo ૨
તેહથકી અધિકું કર્યું, મનેo પીધું ભવજળ નાથ; મલ્લિo
લંછન મિસ સેવે સદા, મનેo કામકુંભ જગનાથ. મલ્લિo ૩
કામિતદાતા વિનતી, મનેo અલવેસર અવધાર; મલ્લિo
ભવ પરિભ્રમણા ભગ્નને, મનેo હવે પ્રભુ પાર ઉતાર. મલ્લિo ૪
મુખ બાંધીને બેસવું, મનેo તારક નઘટે એમ; મલ્લિo
સેવક સન્મુખ નિરખતાં, મનેo નાથ સંકોચો કેમ. મલ્લિo ૫
ઢીલ હવે મનમોહના, મનેo મુજથી સહન ન થાય; મલ્લિo
અર્થી હોય ઉતાવળો, મનેo ભૂખ્યા ભોજન ન્યાય. મલ્લિo ૬
ખાવિંદ અંતર ખોલીને, મનેo બોલાવો એક વાર; મલ્લિo
કાર્યસિદ્ધિ સઘળી થશે, મનેo શું કહું વારંવાર. મલ્લિo ૭
શક્તિ પામીને સ્વામીજી, મનેo રહેવું ઉદાસી ન દેવ; મલ્લિo
સેવકના સમુદાયમાં, મનેo સારીનહિ આ ટેવ. મલ્લિo ૮
આપ વીતી જો ચિંતવો, મનેo તો સમજાશે સ્હેજ; મલ્લિo
વેદક વાત જાણે સહુ, મનેo અરજ કરૂં છું એજ. મલ્લિo ૯
આડો માંડી તાતજી, મનેo પુત્ર પેઠે રહો આજ; મલ્લિo
ભક્તવત્સળ ભગવાનજી, મનેo આપો શિવવધુરાજ. મલ્લિo ૧૦
આ અરજી અવધારીને, મનેo ધરજો અવિહડ પ્રેમ; મલ્લિo
કરજો વૃદ્ધિ ધર્મની, મનેo સત્તવિજય કહે એમ. મલ્લિo ૧૨

૨

તમે લક્ષણ જોજો લોભનાંરે. એ દેશી.

તમે જાજો પીતમ પ્યારા બોયણીરે,
જ્યાં વ્હાલો વસે છે વિશ્વનો ધણીરે; તમે૦
વ્હાલો મ્હારો બિરાજે દેવ છદમાંરે,
વ્હાલો અચક છકેયો નિજાનંદમાંરે. તમે૦ ૧
વ્હાલો બેઠો પદ્માસન વાળીનેરે,
હું નરખું હૃદયમાં ભાળિનેરે; તમે૦
શોભે સુંદરાકાર શિર ઉપરેરે,
રચી મોતીની શેરો રુપરેરે. તમે૦ ૨
ધર્યા ગજરા તોરાને કલગિયોરે,
નિરખી કારીગરી મન રંજીયોરે; તમે૦
પ્રથમ પૂજા બને છે બરાસનીરે,
સુખડ કેશર કસ્તુરિ સુરભિ વાસનીરે. તમે૦ ૩
ઝીલે રાખુ સુધારસ હોજમાંરે,
વ્હાલો બેઠો સ્વતંત્રની મોજમાંરે; તમે૦
વ્હાલો બેઠો છે મૌનવ્રત આદરીરે,
મને લાગી લગન પ્રભુ આકરીરે. તમે૦ ૪
વ્હાલા દીન ઉપર દયા આદરોરે,
મને હવે તમારા જેહવો કરોરે; તમે૦
શું છેલ છબીલા બેઠા છાકમાંરે,
નથી આવ્યા અમે કશા વાંકમાંરે. તમે૦ ૫
જો વાંક હોય તો મુખે બોલજોરે,

પ્રભુ પડદાને પ્રેમથી ખોલજોરે; વમે૦
એક પખી પ્રીતિ કેમ બાજશેરે,
એક હાથે તાળી કેમ વાજશેરે. વમે૦ ૬
શાણા તે સમજે સાનમાંરે,
એને કેવું ન પડે કંઇ કાનમાંરે; વમે૦
કરે રત્નવિજય એમ વિનતીરે,
મને આપો ચરણ સેવા કીમતીરે. વમે૦ ૭

૩.

ગિરિવર દર્શન વિરલા પાવે. એ દેશી.

જિનવર દર્શન વિરલા પાવે, દર્શન પાવે તે પાવન થાવે; જિ.
સુક્ષમ બાદર સ્થાવર પાંચે, તેહને દર્શન ક્યાંથી થાવે. જિ. ૧
બીતી ચઉરેંદ્રિય વિકળ અસંગ્ની. દીનોદ્ધારની પાસે ન જાવે; જિ.
નારકીજીવ પીડા લહે પાપે, ભક્તવત્સળને ક્યાંથી ધ્યાવે. જિ. ૨
જુગળ મનુષ્ય ને તિર્યંચ જેહ, પ્યારા તુજ પાસે કયમ આવે; જિ.
અંતરદ્વિપના નરતિરી તેમ, મોહન મૂર્ત્તિ ક્યાંથી લાવે. જિ. ૩
અઢિ દ્વીપથી બહિર પ્રાણી, તારક તુજ વિણ દુખિયા થાવે; જિ.
દેવ મનુષ્યમાં પણ જે પાપી, જગબંધુ તુમ પાસે ન આવે. જિ. ૪
એમ અભવ્ય જાતિભવ્ય પ્રાણી, મિથ્યાત્વી પણ તેમ ફસાવે; જિ.
દર્શનરૂપ જાણ્યા વિણ દેખે, તે પણ તુજ ગુણ ક્યાંથી ગાવે. જિ. ૫
ચર્માવર્તન વિણ જે ભેટે, વ્હાલા તુજ નજરે કયમ જાવે; જિ.
પ્રભુ દર્શનમાં વિઘ્ન ઘણેરા, કાઠિયા પાપસ્થાન અથડાવે. જિ. ૬
વ્યસન*પ્રમાદના પહેરા ફરતા, દર્શન કરતાં જે અટકાવે; જિ.

જે કોઇ પુન્યશાળી ભવ્યપ્રાણી, મલ્લિ જિનેશ્વરની પાસે જાવે. જિ.
દર્શન શુદ્ધિ સંપૂરણ પામી, સુંદર જ્યોતિમાં જ્યોતિ મિલાવે; જિ.
જય જય ભોયણી તીરથ રાજા, રત્નવિજય મુનિ ઇમ ગુણ ગાવે. જિ. ૮

૪

આજ આનંદઘન જોગી આયો. એ રાગ.

આજ સદાનંદ જોગી દીઠો, પ્યારો અમૃતથી મીઠોરે. એ ટેક.
દેવછંદા રૂપ કંદરા માંહે, નિર્વ્યંજન સ્થળ પાઇરે;
ઉભય પ્રકારે નિવૃત્તિ પામી, શૈલેશીકરણ કરાઇરે. આજ. ૧
ગતવાસન આસન સિદ્ધાસન, મૂળબંધન દ્રઢ઼ઠાઇરે;
બંકનાળની ચાલ તપાસી, સહજ સમાધિ સગાઇરે. આજ ૨
કંથા માળ કમંડળ ખપ્પર, મૌંજીબંધન ન કાંઇરે;
અનહદ નાદ આલ્હાદ વિલક્ષણ, આપમેં આપ સમાઇરે. આજ. ૩
ખટકર્મા સંધ્યા તર્પણ તજી, અષ્ટાંગ યોગ તજાઇરે;
પંદર જોગ તજી પરીપૂરણ, અજપા જાપ જપાઇરે. આજ. ૪
યોગીરાજ મલ્લિ મહારાજા, અબ મેં શરણે આયોરે;
વિનતી રત્નવિજયની માની, દ્યો દરિશણ સુખદાયોરે. આજ. ૫

૫

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા. સિ. એ રાગ.

મલ્લિજિન ધ્યાવો ભવિકા, મલ્લિ. જયમરે અનાદિના દુરિત ગમાવો, ભ દુ. એ ટેક
ભોયણીનો વાસી વ્હાલો સંકટ કાપે, અવિચળ પદવીની છાપજ છાપે, ભ. છા.
નીલવરણ તનુ કરૂણાનિધાન, પચવીસ ધનુષ્યનું દેહ પ્રમાણ. ભ. દે. ૧

ત્રિભૂવન ભાસ્કર ઉદયો જિણંદ, ત્રણ ભવનમાં પ્રસર્યો આણંદ; ભ. પ્ર.
સ્વર્ગ ભૂતળમાં દિવસ વરતાય, પ્રથમ નરકે પણ તેવું જણાય. ભ.તે. ૨
બીજીએ મેઘાવર્ણું આદિત્ય, ત્રીજીએ પૂનમ ચંદ્ર પ્રતીત; ભ. ચં.
ચોથીએ ચંદ્ર વાદળ અવરાયો, ધુમપ્રભાએ ગ્રહ સમુદાયો. ભ. ગ્ર. ૩
છઠ્ઠીએ નક્ષત્ર સરિખો પ્રકાશ, તમતમાએ તારા ઉજાશ; ભ. તા.
પરમાધામી પીડ ન આપે, તારક તુજ ગુણ મુખથી આલાપે. ભ. મુ.૪
નારકી અન્યોઅન્ય ન કરે પ્રહાર, એ ગુણવડે તું જગત આધાર; ભ.જ.
જાતિ વૈર તજી સહુ જીવ, ચાકરી ચરણની કરે અતીવ. ભ. ક. ૫
પિંડસ્થ રૂપે ધ્યાન ધરાય. તેમ પદસ્થ ને રૂપસ્થ થાય; ભ. રૂ.
રૂપાતીત પદે તુજ ધ્યાવે, ધ્યાન ગુણે તે તુજ સમ થાવે. ભ. તુ. ૬
તુજ ભક્તિ મને મુક્તિથી પ્યારી, જેથી મળશે મુક્તિની બારી ભ. મુ.
ધર્મવિજય ગુરૂરાજ પસાય, રત્નવિજય કહે જય જિનરાય. ભ. જ. ૭

૬

હાંરે મારે ઠામ ધર્મના સાડાપચવીસ દેશ જો. એ દેશી.

હાંરે મારે ભોયણી મંડન મલ્લિજિન મહારાજજો,
મુજ મન મધુકર તુજ પદ પંકજમાં વસ્યોરે લો;
હાંરે મારે મુખડું પૂરણ શશિસમ ગોળાકારજો,
ચકોર ચતુરપરે ચિતડું પ્યારથી ઉલ્લસ્યોરેલો. ૧
હાંરે મારે નીલવરણ તનુ માનુ ઘનાઘન દેવજો,
મુજ મનડું વન મોરપરે નાચે ઘણુંરેલો;
હાંરે મારે મ્હેર કરી વરસાવો સમકિત વૃષ્ટિજો,
દૂર થશે જિમ ત્રિવિધી દિલ દાહકપણુંરેલો. ૨

હાંરે મારે મનમોહન તું માનસરોવર જેમજો,
શાંત સુધારસ લ્હેર હીંસે મન હંસલોરેલો;
હાંરે મારે તુજ ગુણ મુકતા આહારતણો અભિલાષજો,
ટળશેરે વિપરીતપણાનો આમળોરેલો. ૩
હાંરે મારે આનંદકારી નંદનવન જિનરાજજો,
તુજ નંદનને આનંદ કરજે તાતજીરે લો;
હાંરે મારે તુજ ઉત્સંગે વસી પામ્યા વિશ્રામજો,
તુજ ટાળીને અવર ન ધ્યાવું નાથજીરે લો. ૪
હાંરે મારે મુજ મન માની ઠર્યો ઠેકાણે અત્રજો,
જિમ જાણો ત્યમ કરજો કરૂણાપૂંજ છોરેલો;
હાંરે મારે સ્વામી સ્વતંત્ર તુજ ગતિ તુજ આધીનજો,
રત્નવિજય કહે સાહિબ મુજગતિ તુંજછોરેલો. ૫

૭

સનેહી વીરજી જયકારીરે. એ દેશી.

મલ્લિજિનરાજ સદા જયકારીરે, મુખમુદ્રા ઉપર જાઉંવારી;
મલ્લિ જિનરાજ સદા જયકારીરે. એ ટેક.
કળિકાળને દુર વિનાશીરે, શુભ સુંદર સ્થાન તપાસીરે;
થયા ભોયણી તીર્થના વાસી. મ૦ ૨
વિક્રમ સંવત્સર ઓગણીસરે, ભલી ભાગ્યશાળી સાલ ત્રીસરે;
ત્યારે પ્રગટ્યા ત્રિભુવન ઇશ. મ૦ ૩
માસ વૈશાક પુનમ સારરે, મહીતળથી નિકળ્યા બ્હારરે;
મુકતા લોકોનો કરવા ઉદ્ધાર. મ૦ ૪

પ્રભુ મૂર્ત્તિ મોહનગારીરે, પાપ તાપ શ્રાપ હરનારીરે;
નિરખી હરખે નરનારી. મ૦ ૫
અધિષ્ટાયક રહે છે હજૂરેરે, પ્રભુ પ્રતાપે પરતા પૂરેરે;
ભક્ત લોકોનાં સંકટ ચૂરે. મ૦ ૬
હવે મ્હેર કરો મ્હેરબાનરે, અનુચરનું વધારો વાનરે;
પ્રભૂ આપો પદ નિર્વાણ. મ૦ ૭
રત્નવિજય કરે અરદાસરે, મુજ હૃદયમાં કરજો વાસરે;
ટાળો જન્મ મરણનો ત્રાસ. મ૦ ૮

૮

એકવાર વચ્છદેશ આવજો જિણંદજી. એક૦ એ રાગ.

એકવાર અમ મન આવજો જિણંદજી, એકવાર.
આપ સ્વરૂપ દર્શાવજો જિણંદજી. એ ટેક.
ભોયણી ભૂષણ મલ્લિ જિણંદા, અમ મન વાસ વસાવજો. જિ. એ. ૧
ભક્તોદ્ધારક મલ્લિ મહારાજા, તારકપદ દીપાવજો; જિ.
અમ મનક્ષેત્ર વિશુદ્ધિ કરીને, સમકિત સુરતરૂ વાવજો. જિ. એ. ૨
કૃપા દૃષ્ટિમય વૃષ્ટિ હમેશાં, અમ ઉપર વરસાવજો; જિ.
અપ્રતિપાતી જ્ઞાન દર્શનના, પ્રચૂર અંકુર ઉગાવજો. જિ. એ. ૩
પાપ પ્રમાદરૂપ ઘાસ તૃણાનાં, સૂડ નીંદણ કઢાવજો; જિ.
આજ્ઞારૂપી વાડ બનાવી, રક્ષક નામ ધરાવજો. જિ. એ. ૪
કામ ક્રોધાદિક કપિ ભૂંડણાને, દુર કરી અટકાવજો. જિ.
દેખરેખ રાખી દયાના દરિયા, કુસુમવાડી ખીલાવજો. જિ. એ. ૫
અહો આનંદઘન અવસરે અમને, અમૃતફળ ખવરાવજો; જિ.

કદન્ન ભક્ષણે કોઠો બગાડયો, હવે ફરી સુધરાવજો. જિ. એ ૬
એહ અમૃતફળ રહ્યું અભ્યંતર, પ્રગટપણે બતલાવજો; જિ.
છેલ છબીલા અમારી અરજી, દયાળુ દિલમાં લાવજો. જિ. એ. ૭
અગુરૂ લઘુ ગુણ તમ અમ સરિખા, બન્ને એકત્ર મીલાવજો; જિ.
બિંદુ સિંધુસમ એક સ્વરૂપે, અક્ષય પદવી પાવજો. જિ. એ. ૮
રત્નવિજય કહે સર્વે મળીને, મલ્લિ જિનના ગુણ ગાવજો; જિ.
ગુણ ગાતાં ગુણ પ્રગટે રહેજો, તુંહી એક તુંહી એક ધ્યાવજો. જિ. એ. ૯

૮

શી ગતિ થાશે અમારી હો પ્રભુજીરે. શી૦ એ ટેક.

સેવા ન કીધી તમારી હો, પ્ર. ભટકયો જેમ ભીખારી હો; પ્ર.
આણા તારી ન ધારી હો, પ્ર. શી. ૧
શ્રી મલ્લિ માહારાજા મારી, અરજી લેજો સ્વીકારી હો; પ્ર.
ચરણ શરણ ગ્રહી સુખિયો થાઉં, સ્વામી સેવા સુખકારી હો. પ્ર. શી. ૨
પર પ્રાણી પ્રતિઘાત કરીને, જન્મ ફોકટ ગયો હારી હો; પ્ર.
મનુષ્યને ઉદ્વેગ પમાડયા, અસત્ય વચન ઉચ્ચારી હો. પ્ર. શી. ૩
પરધન હરણનાં પાતિક સેવી, નિજ સ્વરૂપ વિસારી હો; પ્ર.
મૈથુન્ય કર્મ કર્યાં મહા માઠાં, આદરી ભારી વિકારી હો. પ્ર. શી. ૪
પરીગ્રહ તૃષ્ણા પાસે બંધાણો, મમતા ખુબ વધારી હો; પ્ર.
ક્રોધાનળથી અહોનિશ દાઝયો, આદત રાખી નઠારી હો. પ્ર. શી. ૫
ઉર અભિમાન ધરી દુખ પામ્યો, શીખામણ નહિ ધારી હો; પ્ર
બગશાંતિ કરી વંચકભાવે, માયા જાળ પસારી હો. પ્ર. શી. ૬
લોભ મહોદધિ પૂરે બુડયો, બચવાની ન મળી બારી હો; પ્ર.

સાનુકૂળ સંબંધ પામીને, રાગ દિશા દિલધારી હો. પ્ર. શી. ૭
પ્રતિકૂળ ઉપર,બહુ ખીજ્યો, મન ઉપર અસ્વારી હો; પ્ર.
લેશ વિશ્રામ પામ્યો નહિ સાહેબ, કલેશ વૃત્તિ દુખકારી હો. પ્ર. શી. ૮
કૂડાં કલંક દીધાં અવરને, દાનત રાખી ધૂતારી હો; પ્ર.
કાક બુદ્ધિ કરી પાક બગાડ્યો, પિશુન પણાની ખુમારી હો. પ્ર. શી. ૯
પૃષ્ટ માંસ ભક્ષક સમ પાપી, નિંદક ટેવ વધારી હો; પ્ર.
રતિ અરતિના યંત્રમાં, આત્મ પરિણતિ પરવારી હો. પ્ર. શી. ૧૦
માયા મૃષા સુરપાનથી છાકયો, ભવ સંતતિને વધારી હો; પ્ર.
મિથ્યા દૃષ્ટિ કાદવે ખૂચ્યો શુદ્ધ દૃષ્ટિ કરધારી હો. પ્ર. શી. ૧૧
વ્યસન કાહિલા મદમાં ઝુકયો. કીધો પ્રમાદે આબારી હો; પ્ર.
પરમ પુરૂષ પ્રભુ સાહેબ આગે, આટલી અરજી ગુજારી હો. પ્ર. શી. ૧૨
રત્નવિજય કહે હવે સેવકનાં, કારજ લેજો સુધારી હો; પ્ર.
થોડામાં સમજી લ્યો સાહેબ, શી કહું વાત વિસ્તારી હો. પ્ર. શી. ૧૩

સ્તવન ૧૭ મું.

આદર જીવ ક્ષમા ગુણ આદર. એ દેશી.

શ્રી મલ્લિ જિનવરની પાસે, બીજા નાવે દાયજી.
મોહનગારા પ્રભુજી ત્રાતા, ત્રણ ભૂવનના રાયજી; શ્રી. ૧
મોહનગારા બીજા સર્વે, દૂષણ મંડિત દેહજી.
મત દૂષણ શોષણ ભવજળ નિધિ, વારૂ જિનવર એહજી; શ્રી. ૨
આદિ ગુણઠાણની પ્રમુતિ, સેવે અવર સુરેશજી.
તેરસમું ગુણ સ્થાનક સેવી, પામ્યા પદ ગત કલેશજી; શ્રી. ૩
સ્નાન વિલેપન વિધિ ઉપદેશી, દેશે આપ આશોષજી.

કંચન વંચન પરિગ્રહ રાખે, નામ ધરે જગદીશજી; શ્રી. ૪
વાહન વિવિધ પ્રકારે રાખે, ભાખે સત્યા સત્યજી.
માયા જાયામાં લલચાયા, કિમ આપે સહુ ગત્યજી; શ્રી. ૫
અક્ષય સુખદાયક જગનાયક, ક્ષાયક ભાવ પ્રદાતાજી.
અબળા રૂપે સબળા શત્રુ, જીત્યા વિશ્વ વિખ્યાતાજી; શ્રી. ૬
આશ્ચર્ય પદવી પામ્યા સ્વામી, ગ્રહી લલના તનુ રૂપજી.
પણ ત્રણ લોક પતિ કિમ હુવા, એહ આશ્ચર્ય અનુપજી; શ્રી. ૭
અક્રિય પદ સ્થાઇ પરિણામે, કિમ તારો ભવિ જીવજી.
રૂપ સહિત જિન કિમ ત્રણ લોકે, પ્રસર્યો ભાવ અતીવજી શ્રી. ૮
અધુના મુજને શીવ સુખ આપો, તો આશ્ચર્ય અપારજી.
તમે કહેશો કે ઘણાં અચ્છેરાં, નહિ બનવાનાં ધારજી; શ્રી. ૯
ચોવીસમા જિનવરને વારે, પાંચ અચ્છેરા કેમજી.
પંચમકાળ થકી પ્રભુ તારો, તો તુમ સાચો નેમજી; શ્રી. ૧૦
ભવસ્થિતિ પરિપાક થવાથી. મળે મૂક્તિ સ્વયમેવજી.
નિજ શકિતથી શીવપુર આપો, ખસ દેવાધિ દેવજી; શ્રી. ૧૧
તમ ભકિતથી અમે શીવ લેશું, એ નિશ્ચય ચિત કીધુંજી.
રત્નવિજય કહે સર્વ સમીહિત, પ્રભુ સેવાથી સીધ્યુંજી; શ્રી. ૧૨

સ્તવન ૧૧ મું.

સુણો સાહેબજી સેવક સન્મુખ નિરખો સ્વામી સ્નેહથી,
ચૌદરાજ લોકના પાળક છો, પ્રભુ દુખ દોહગના ટાળક છો;
હાંરે ભકતહૃદય ના માલીક છો. સુ૦ ૧
પ્રભુ ભોયણીપુરમાં વસીયા છો, પ્રભુ શાંત સુધારસ રસીયા છો;

હાંરે શુભ ભાવનથી ઉલ્લસીયા છો, સુ૦ ૨
મલ્લિનાથજી મ્હેર હવે કરજો, મુજ ઉપર કરૂણા નજર ધરજો;
હાંરે મુજ સંકટ સઘળાં દૂર હરજો. સુ૦ ૩
રત્ન ચિંતામણી કર ચડિયો, મુજ આંગણે સુરપાદપ ફળીયો:
કામ કુંભ પૂરણ મળીગયો, સુ૦ ૪
કરૂણાથી કાંયં સફળ થાય, પ્રભુ ભેટયા પાતિક દૂર જાય,
રત્ન વિજય ઇમ ગુણ ગાય. સુ૦ ૫

સ્તવન. ૧૨ મું.

રાગ—ગોપીચંદ લડકાનો.

હો જગતારક પાસે અરજ કરૂં રે મન ખાંતથી;
મુજ ઉપર કરૂણા કરજે પ્રભુ એકંતથી,
તુજ શરણાં વિણ ભવભવ ભટકયો, અટકયો મોહ મોહ પ્રચૂર;
મેહેર કરી મુજ સંકટ સઘળાં, હરદમ કરજે દૂર. હો૦ ૧
જો મુજ ઉપર તું છો સ્વામી, તો શી ખામી હોય;
રત્ન ચિંતામણી પામી હાથે, ભીખારી નવિ હોય. હો જ૦ ૨
મલ્લિ જિનેશ્વર તું અલવેશર, કેશર ભીની કાય;
મોહન મુદ્રા તુજ દેખીને, આનંદ અંગ ન માય. હો જ૦ ૩
નીલવરણ પ્રભુ રંગ રસીલા, છયલ છોગાળા નાથ;
મરકત મણિ તુજ પાસે ફોકટ, બીજાતના શી વાત. હો જ૦ ૪
અખૂટ ખજાના તારી પાસે, દે દાનેશ્વર દાન;
ગરીબ પ્રવર શું ઝાઝું બોલું, ટુંકામાં સહુ જાણ. હો જ૦, ૫
ચિત્તપ્રસન્ન પ્રભુ પાવન કરજે, હરજે વિઘ્ન તમામ;

દીનોદ્ધાર ધુરંધર એવું, સફળ કરે તું નામ. હો. જ૦ ૬
ત્રીવીધ તાપ ઉતાપ વિદ્દારે, ઘન નામી ઘન જેમ;
સેવક જનને શીતળ કરજે, રત્નવિજ્ય કહે એમ હો. જ૦ ૭

સ્તવન ૧૩ મું પુંડરિક ગણધરનું.

હાંરે મારે ઠામ ધર્મના સાડા પચ્ચવીસ દેશજો. એ દેશી.

હાંરે મારે જિન શાસન એ માન સરોવર જેમજો,
સ્યાદ્વાદ નય ભંગ જળે પૂરિત સદ્દારેલો;
હાંરે મારે નવપદ રૂપી કમળ મનોહર તત્રજો,
રાજહંસ પરે ગણધર પંક્તિ પ્રિયંવદ્દારેલો. ૧
હાંરે મારે પૂંડરિક ગણધર આદિ ગણધરનારજો,
ચૌદ સત્તોતર બાવન જગ પૂજિત કહ્યારેલો;
હાંરે મારે પુંડરીક સમ ઉજ્વળ હૃદય વિચારજો,
પુંડરિક ગિરિયે ચિદાનંદ પદવી લહ્યારેલો. ૨
હાંરે મારે વ્યવહારોત્તર પક્ષ દ્રઢ તસ જાણજો,
ચરણ કરણ યુગપાદ સુરેશ્વર પૂજિતારેલો;
હાંરે મારે ગ્નાન દર્શન એ નેત્ર યુગ્મ ગત દોષજો,
સમકિત રૂપી ધવળ વર્ણથી રાજતારેલો. ૩
હાંરે મારે જિનમુખ જનિત ત્રીપદી મુકતા જોયજો,
દ્વાદશ અંગ એ મુકતાફળ નિર્મળ સદ્દારેલો;
હાંરે મારે મુકતાભક્ષણ ઉત્કંઠિત ગણ થાયજો,
મુદિતમના સ્થિર વાસન આસન ગત સદ્દારેલો; ૪
હાંરે મારે જયકારી જગદીશ્વર આદિ શિષ્યજો,

જયવંતા રહો શ્રી પુંડરિક મહારાજજીરેલો;
હાંરે મારે પૂરણ કરજો પરમારથ મય કાર્યંજો,
સ્વીકારી પ્રભુ રત્નવિજયની આજિજીરેલો; ૫

શ્રી મલ્લિનાથજીનું મોટું સ્તવન.

ઢાળ ૧ લી.

આછે લાલની દેશી.

જંબુદ્વીપ મોઝાર, ક્ષેત્ર ભરત મનોહાર;
આછેલાલ, નયરી મિથિલા દીપતીજી. ૧
કુંભ નરેશર તત્ર, ન્યાયવડે સુપવિત્ર;
આછેલાલ, પાળે પ્રજા બહુ પ્રેમથીજી. ૨
પટરાણી તસ સાર, પ્રભાવતી સુખકાર;
આછેલાલ, શીળ ગુણે કરી શોભતીજી. ૩
ચાૈદ સ્વપ્ન નિરખંત, રાણી મન હરખંત;
આછેલાલ, જન્મ્યા મલ્લિ જિનેશ્વરૂજી. ૪
જન્મ મહોત્સવ જામ, આવ્યા સુરપતિ તામ;
આછેલાલ, સુરગિરિ ઉપર લઈ ગયાજી. ૫
જન્મ કલ્યાણક કીધ, નામ મલ્લિજિન દીધ;
આછેલાલ, પ્રથમ ઢાળ પૂરણ કરીજી. ૬

ઢાળ ૨ જી.

નરભવ નયર સોહામણું વણઝારારે. એ દેશી.

મલ્લિ જિનેશ્વર સાહેબા, જયવંતાજી;

દિન દિન વધતા દેવ, અહો જયવંતાજી.
ચાર અતિશય જન્મથી, જયવંતાજી;
સુરનર સારે સેવ, અહો જયવંતાજી. ૧
પૂર્વ ભવાંતર મિત્રને, જયવંતાજી;
પ્રતિબોધ્યા ધરી પ્રેમ, અહો જયવંતાજી.
ઉપકારી અરિહંતજી, જયવંતાજી;
ગુણ ભૂલે કહો કેમ, અહો જયવંતાજી. ૨
વરસીદાન વિશેષથી, જયવંતાજી;
આપ્યું શ્રી જગનાથ, અહો જયવંતાજી.
એક ક્રોડની ઉપરે, જયવંતાજી;
આઠલાખ દીયે આથ, અહો જયવંતાજી. ૩
પ્રતિદિન એટલું આપતાં, જયવંતાજી;
વર્ષ એક જિનરાય, અહો જયવંતાજી.
ત્રણસો ક્રોડની ઉપરે, જયવંતાજી;
ક્રોડ અઠ્યાસી થાય, અહો જયવંતાજી. ૪
ઉપર એંશી લાખ છે, જયવંતાજી;
એ જિનવરનું દાન, અહો જયવંતાજી.
સકળ જીવની ઉપરે, જયવંતાજી;
ઉપકારી ભગવાન, અહો જયવંતાજી. ૫
ધર્મરાજ્ય વરતાવતા, જયવંતાજી;
તીર્થંકર જગદીશ. અહો જયવંતાજી.
બીજી ઢાળે આદરે, જયવંતાજી;
શ્રદ્ધા અમને પદ ઇશ, અહો જયવંતાજી. ૬

ઢાળ ૩ જી.

મન મંદિર આવોરે કહું એક વાતલડી. એ દેશી.

આવો આવો મોહનજીરે, અમ મન વાસ કરો;
વાસક્ષેપ પ્રક્ષેપીરે, ચરણનો દાસ કરો. આવો૦ ટેક
દીક્ષા વ્રત લઇનેરે, એક પ્રહર થયો;
કેવળ તત્ર પામ્યારે, પૂરણ બ્રહ્મ ભયો. આવો૦ ૧
મળી સુરનર સઘળારે, સ્વામીની સેવા કરે;
અઘરાશી અનાદિનીરે, હરદમ દુર હરે. આવો૦ ૨
મણિ કંચન રજતનારે, સુંદર કોટ રચે;
પાદપીઠ સિંહાસનરે, અશોક તરૂ વિરચે. આવો૦ ૩
તસ ઉપર બેસીરે, ત્રિભોવનનાથ તદા;
ઉપદેશ સુણાવેરે, વાણી સુખદાયી સદા. આવો૦ ૪
સંઘ ચઉવિહ સ્થાપીરે, ધર્મ ઉદ્યોત કરે;
ત્રીજી ઢાળ પ્રકાશીરે, ભકતનાં પાપ હરે. આવો૦ ૫

ઢાળ ૪ થી.

અહો અહો પાસજી મુજ મળિયા રે. એ દેશી.

મલ્લિજિન નાથજી મુજ મળિયારે,
ભવોભવનાં સંકટ ટળિયાં. મલ્લિ૦ એ ટેક.
કરી ભારત ભૂમિ પવિત્રરે, આવ્યા સમેત ગિરિવર યત્રરે;
કરી અણસણ માસિક તત્ર. મલ્લિ૦ ૧
પંચાવન સહસ ઉદારરે, વર્ષ આયુ શ્રી કિરતારરે;
પાળી પામ્યા ભવજળ પાર. મલ્લિ૦ ૨
સાથે પાંચસયા અણગારરે, થયા અચળ અકળ નિરાકારરે;

જિનનાયક જગદાધાર. મ૦ ૩
સાત રાજ વસ્યા જઇ દુરરે, પણ દાસના હૃદયે હજુરરે;
જયમ પ્રેમથી મેઘ મયુર. મલ્લિ૦ ૪
પ્રભુ સાંભળો ચોથી ઢાળરે, એક વાર નજરે નિહાળરે;
તો હું થાઉં તરત ન્યાલ. મલ્લિ૦ ૫

ઢાળ ૫ મી.

ગાયો ગાયોરે સંખેશ્વર સાહિબ ગાયો. એ દેશી.

આયો આયોરે શ્રી સાહેબ ભોયણી આયો;
ભારત ભૂમિને પાવન કરવા, આપ સ્વરૂપ બતાયોરે. શ્રી૦ ૧
સંવત ઓગણીસ એકત્રીસ વર્ષે, વૈશાક માસ જણાયો;
શુદ પુનમના પૂરણ પ્રગટ્યા, પુરૂષોત્તમ જિનરાયોરે. શ્રી૦ ૨
પ્રતિષ્ટા વિધિ પાઠ ભણાવી, પરમેશ્વર પધરાયો;
સંઘ સકળ મળી પૂરણ હર્ષે, ધર્મ ઘંટ વજડાયોરે. શ્રી૦ ૩
પ્રત્યય વિવિધ પ્રકારે આપી, આપ પ્રતાપ જણાયો;
મહાશુદિ દશમની યાત્રા, કરતા મળી સમુદાયોરે. શ્રી૦ ૪
દેશ દેશના શ્રાવક લોકો, પૂજે પ્રભુના પાયો;
દુખડાં દૂર કરી સુખ આપે, કલ્પતરૂની છાયોરે, શ્રી૦ ૫
તપગચ્છ ગગન તપન સમ દીપે, બુદ્ધિવિજય મહારાયો;
તાસ શિષ્ય શ્રી વૃદ્ધિવિજયજી, સંવેગ પક્ષ દીપાયોરે. શ્રી૦ ૬
તાસ શિષ્ય શ્રી શાસન રસીયા, ધર્મવિજય ગુરૂરાયો;
ચરણ શરણ મુનિ રત્નવિજય ઇમ, મલ્લિ જિનવર ગાયોરે. શ્રી૦ ૭
સંવત ઓગણીસે આઠની સાલે, ગામ શ્રી કુકવાયો;
વિજયદશમી દિન પાંચે ઢાળે, સ્તવન રચી સુખ પાયોરે શ્રી૦ ૮

મલ્લિનાથજિનું સ્તવન.

આદર જીવ ક્ષમા ગુણ આદર. એ દેશી.

શ્રી મલ્લિ જિનવર જયકારી, આશ્રવદ્વાર નિવારીજી;
કામમોહમલ્લ મુળ સંહારી કેવળ કમળા ધારીજી; શ્રી. ૧
કારક ચક્રવરૂ કરી શ્રી ઘરી, આપ સ્વરૂપ અશેષાજી;
અનંત ચતુષ્ક ગુણોઘ વિલાસી, અર્ચનીય સુવિશેષાજી; શ્રી. ૨
ભવભય ભંજન ભગવન્ ભવતુ, મન વિઘ્ન હરણાયજી;
તુમ શરણે હું આવ્યો દોડી, કરજોડી જિનરાયજી; શ્રી. ૩
જે વર્ષે પ્રભુ અત્ર પધાર્યો, સેવક પાવન કરવાજી;
તે વર્ષે હું જન્મ લહીને, તુમ શરણાં અનુસરવાજી; શ્રી. ૪
પણ સાહિબ તેં મુજ અવગુણીને, દૂર વિસારી દીધોજી;
મુજ ભકિતમાં ખામી જાણી, કરૂણા ભાવ ન કીધોજી; શ્રી ૫
મ્હેર નજર કરી આજ પ્રભુજી, બોધિબીજ શુદ્ધ આપ્યુંજી;
દેવ દયાળા દર્શન આપી, દર્શન મોહ ઉથાપ્યુંજી; શ્રી ૬
તુમ સેવા વિણ સંકટ વેઠયાં, કહેતાં પર ન આવેજી;
ભકતવત્સળ હવે ત્હારે શરણે, રહેતા આનંદ થાવેજી; શ્રી. ૭
સહુ અપરાધ ઉવેખી સાહિબ, અમિય નજરે નિહાળોજી.
સાગર સમ ગંભીર થઇને, અપનું બિરૂદ સંભાળોજી; શ્રી. ૮
મ્હારૂં મન બહુ ભટકી ભટકી, આપ સમીપ ઠર્યું છેજી;
ત્હારી ગતિ પ્રભુ તુંહી જાણે, મ્હારી ગતિ પ્રભુ તું છેજી; શ્રી. ૯
આજથી પૂર્વે જે તુમ નિંદા, કંઇ અપરાધ મ્હેં કીધોજી;
સંઘ સકળની શાખે સાહેબ, મિથ્યા દુષ્કૃત દીધોજી, શ્રી. ૧૦
કિંબહુના વચ્મિ વિજ્ઞપ્તિ, કૃતાર્થો સ્મિભવજી;

દર્શન મપવર્ગ તરૂ બીજં, તત્વદ્રષ્ટં નિર્વંઘંજી; શ્રી. ૧૧
ધન જિન શાસન પાપવિનાશન, ધન્ય તપોગણ ધન્યજી;
ધન્યગણિ ધન્ય સત્યવકતા મુનિ, સંઘ ચતુર્ધા ધન્યજી; શ્રી. ૧૨
શ્રી ભોયણીજી ભુવનોદ્યોતક, શ્રીમલ્લિ જિનરાયાજી;
ધન્ય આજ હું આપ કૃપાથી, દુર્લભ દર્શન પાયાજી; શ્રી. ૧૩
શ્રી મલ્લિ જિનરાજ સમીપે, વસુ[૮] શર[૫] નિધિ[૯] શશિ[૧] વર્ષેજી;
પૂર્વ પુન્યોદય સંજમ લીધો, માધવદ પંચમ દિવસેજી; શ્રી. ૧૪
ચરણ સરણ ગૃહી ભકિત કરૂં હું, ધ્યાનધરૂં અહોનીશજી;
મુજ સંજમ ગુણવૃદ્ધિ હોજો, હું માગું જગદીશજી; શ્રી. ૧૫
તરણ તારણ ગુરૂ ધર્મવિજયજી; તસપદ પંકજ વાસીજી;
જયજય શ્રી મલ્લિ જિનવરજી, કહે રત્નવિજય સુવિલાસીજી; શ્રી. ૧૬

સ્તુતિ.

કલ્પ વલ્લિ મલ્લિ પ્રભુએ, આપો અવિચળ રાજતો;
ભવભવ સંચિત અઘ હરોએ. સર્વે સુધારે કાજતો;
સહસ પંચાવન વર્ષનુંએ, આયુ શ્રીજગનાથતો;
નીલ વરણ પ્રભુ દેહડીએ, ઊંચપણે સો હાથતો ૧
મલ્લિ જિનવર નામથીએ, અનંત થયા અરિહંતતો;
પુરૂષ ત્રિયા લિંગે વળીએ, મહાવ્રત ભાખે ચારતો;
કેટલા પાંચ પરૂપતાએ, વસ્ત્રાદિક ત્યમ ધારતો; ૨
મલ્લિજિન કુંવરી થયાએ, રૂષભ સુવિધિ તિમ જાણતો;
શીતળ નેમ એ પાંચનાં એ, પાંચ અચ્છેરાં માનતો;
વીરવારે પાંચે થયાંએ, દશ અચ્છેરાં એહતો;
ઠાણાંગે દશમે કહ્યાંએ, એમાં નહિ સંદેહતો; ૩

ધૂમરજક્ષ પતિ સદાએ, સારે વંછિત કાજતો;
વિઘ્ન વિદારે ભકતનાંએ, જે પૂજે જિનરાજતો;
ધરણુ પ્રિયા ધરણી વિવેએ, શાસન રક્ષક માતતો;
રત્નાવજન્ય કહે માવડીએ, સહાય કરો દિન રાતતો. ૪

છંદ મનહર.

અપાર આદિત્યચંદ અપાર નક્ષત્ર ગ્રહો,
તારાઓ અપાર તેમ ખગોળ અપાર છે;
ઉત્પતિ સ્થિતિને ધ્રુવ ગત્યાગતિ પરિણામ,
ઉદય ઉદીરણાઓ બંધન પ્રકાર છે;
દિનાંતર મહાદિશા, સશીફલ હોરાગણ,
સારિણી ભવનયોગ માસ તિથિ વાર છે;
સર્વે હકિકત જાણે આગમ ટિપ્પણ રચે,
એવા એક જોતિષીને મ્હારો નમસ્કાર છે; ૧
વર્ણમેળ માત્રામેળ પ્રસ્તાર છંદોની જાતિ,
આયવ્યય સવ્યા સવ્ય પિંગળ પ્રકાર છે;
શ્રૃંગારાદિ નવ રસ થાયિને સંચારી ભાવ,
ઉદાહરણાદિ શ્લોક ઉત્તમ ઉચ્ચાર છે;
કાવ્યકોશ અલંકાર વાઙમય સકળ જાણે,
ગદ્ય પદ્ય ગ્રંથો જેના સર્વથી ઉદાર છે;
સુકવિનો કુલગુરૂ રત્ન કહે વારવાર,
એવા એક કવીશને મ્હારો નમસ્કાર છે; ૨
યોજન પ્રમાણવાળું કોરટ મકાન ભાળુ,
ત્રિકૂટ સમાન ઊંચું સિંહાસન સાર છે;

સુખાસનપર બેસે ત્રિછત્ર ધરાય શિરે,
ચામર વિંજાય પાસે વાજીંત્ર અપાર છે;
બાર પરિષદા વિષે ન્યાયાન્યાય સ્પષ્ટ કરે,
ચક્રવે ચલાવે રાજ્ય સ્વતંત્ર વિચાર છે;
ઇંદ્રાદિ સ્તવે છે નિત્ય કરે છે ઉત્તમ કૃત્ય,
એવા એક રાજાજીને મ્હારો નમસ્કાર છે; ૩
ફિકરમાં ડુસે લોક ફિકરમાં ફાંફાં મારે,
એવીજે ફિકર તેની ફાકી કરનાર છે;
આસમાની રંગવાળો આસમાન રૂપીમાની,
ખફ્રકો પ્હેરીને સર્વ સ્થાને ફરનાર છે;
ખપ્પર બુદ્ધિનો ધરે તત્વરૂપિ ભિક્ષાગ્રહે,
એનલ્ હક્એ વાક્ય મુખે વદનાર છે;
હદને બેહદ લઘે અન્યની ફિકર ટાળે,
એવા એક ફકિરને મ્હારો નમસ્કાર છે, ૪
ગંભીરતા ગેરૂ રંગે ત્રિગુપ્તિ કોપીન ધરે;
દમન ઇંદ્રિય ગુણ દાંડો ધરનાર છે,
કેવલ મંડળમાં ભિક્ષા છે અગુરૂલઘુ;
તત્વ મસિ મહાવાક્ય ધ્વનિ કરનાર છે,
ધ્યાન ધૂણી ચમચમ્ ષડ્ રિપુ વિજયરૂપી;
ષડ્કર્મ કારકરૂપી ક્રિયા કરનાર છે,
વર્ણાતીત પરાત્પર સ્વરૂપે પરમહંસ;
એવા એક બાવાજીને મ્હારો નમસ્કાર છે, ૫
શૈલેશી કરણ શ્રેષ્ટ કૈલાસ છે ગંગાગૌરી;

જ્ઞાનને દર્શનવૃત્તિ વિભુતિ ઉદ્ધાર છે,
ક્ષપક નંદીકારોહ શ્રુત સ્કંધ સ્કંધ સુત;
ગણધર ગજાનન પાર્ષદો અપાર છે,
અષ્ટકર્મ ક્ષયસિદ્ધિ નવકોટિ નવનિધિ;
મદન દહન કરે યોગ હથિયાર છે,
સ્વયંભૂ ગિરિશ ઇશ મૃત્યુંજ્ય મહાદેવ;
એવા એક શિવજીને મ્હારો નમસ્કાર છે, ૬
ચિદાકાર બ્રહ્મલોક ચતુર્ગુણ ચતુર્મુખ;
ચારભુજ ભાવનાઓ હંસ નિરાકાર છે,
વિરતિ સાવિત્રી ત્રિય વાણી સરસ્વતી સુતા;
અગમ્ય આગમપાઠ વેદનો ઉચ્ચાર છે.
ધર્મસૃષ્ટિ સૃષ્ટા વિધિનાભિ જન્મ કમળાસન;
ગુણાતીત ગુણાગાર અમર આધાર છે,
સદાનંદ પિતામહ પરમેષ્ટિ ત્રિકાલજ્ઞ;
એવા એક વિધાતાને મ્હારો નમસ્કાર છે, ૭
જ્ઞાનાકાર ગોલોકમાં સ્વરૂપ સામ્રાજ્યપતિ;
ચરણ કરણ દૃષ્ટિ રાસ લીલા સાર છે,
ગ્રહણા સેવના દ્રૂપ રાધા રૂકમણિ બાળા;
અતીંદ્રિય વૃંદાવન મોરલી ઓંકાર છે,
પ્રકૃતિ પ્રવૃત્તિ માસીકર્મ દૈત્ય વિદારક;
કાળનાગ નાથ્યો કર્મમલ્લ મારનાર છે,
પુરાણ પુરૂષ હરી કેશ રત્ન કહે એમ;
એવા એક વિષ્ણુજીને મ્હારો નમસ્કાર છે, ૮

દુહા.

ઇત્યાદિક વાકયો વડે જે સ્તવના કરી હોય,
તે સઘળી જેમાં ઘટે, તે જિનપતિ આ જોય; 1
એ જિનપતિની સેવના, ભવ સંકટ હરનાર,
સેવો ધ્યાવો પ્રેમથી, સરણાગત સાધાર; ૨
જયજય દીનદયા નિધિ, દીનોદ્ધારક દેવ,
જયજય મલ્લિનાથજી, જયજય જિનવર દેવ; ૩

"દેવાધિદેવ અષ્ટક."

છંદ મંદાક્રાંતા.

જેના નામો સુરપતિસદા ચિત્તમાંયાદ રાખે
જેની સેવા સ્મરણ કરતાં મુક્તિપીયૂષ ચાખે;
એવા પૂજ્યો અમિત ફલદા કલ્પ વૃક્ષોજ જેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૧
જેનાં વાકયો ભવિક નરનાં પાપને શીઘ્ર ખંડે,
મિથ્યા નિંદ્રા અળગી કરીને મોહ દૂરે વિતંડે;
કાયા વાણી મન પ્રમુખ એ દેવના રત્ન જેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૨
મૈત્ર્યુપેક્ષા મુદિત કરૂણા ભાવનાઓવડે તે,
પ્રાણીઓને પરમપદની પ્રાપ્તી ચિત્તે ધડે તે;
ભક્તાધારા ભુવન અધિપા અર્ચિતેંદ્રાદિદેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૩

પ્રાતીહાર્યો ત્રિવિધ રચના યોગ્યતાથી વિરાજે,
વાણીકેરા અધિક ગુણુથી પુષ્કળાવર્ત્ત ગાજેઃ
કયારે કોને કહિ ન મળશે અન્યકો એહ જેવાઃ
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૪
બ્રહ્માદી તે ભવન ધનને ભૂલી કાંતાદિ રાખે,
દ્વેષેરાગે ઇતર નરને શ્રાપ આશિષ દાખે;
દેખીતાએ કુટિલ મનના શંખની જાતિ જેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૫
નિષ્ઠા રાખી મુદિત દિલથી ધ્યેય મૂર્તિ નિહાળે,
તે આત્માને વિમળ કરીને પાપ ઉત્તાપ ટાળે;
ભ્રંગી સંગે નિજ તનુ તજી થાય છે ભ્રંગ જેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૬
જે દેવોથી અચળ પદની પ્રાપ્તિ પામે દુરાત્મા,
જે દેવોથી સુરનરપતિનાં સ્થાન પામે મહાત્મા-
તે દેવો આ અવર નહિ છે જૈન ચૈત્યસ્થ દેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા. ૭
જે દેવોએ ધરણી ઉપરે ધર્મના ઝુંડ રોપ્યા,
પાપીઓના હૃદય તટથી પાપનાં પુંજ લોપ્યા;
સર્વેને છે સુર મણિ સમા આદરો તાસ સેવા,
તે દેવોની પ્રતિદિન કરો ભાવથી ખૂબ સેવા.

આરતી.

જયજય આરતી મલ્લિ જિનંદા, મુખ સોહે પુનમકો ચંદા. જ૦ ૧
પહેલી આરતી જિનવર દેવા, ભકિત કરી આગે પ્રભુ સેવા. જ૦ ૨
બીજી આરતી નાથ ચરણની, આપદ ટાળો જન્મ મરણની; જ૦ ૩
ત્રીજી આરતી વદન કમળની, ચાહના કરશો શિવતરૂ ફળની. જ૦ ૪
ચોથી આરતી ચક્ષુ રસાળા, નીલ કમળ જેમ સોહે વિશાળા; જ૦ ૫
પંચમી આરતી પદ્માસનની, પૂરણ કરશો વાંછા મનની. જ૦ ૬
આરતી ઉતારી આરતી ટાળો, હૃદય કમળમાં કરો અજવાળો, જ૦ ૭
રત્ન વીજય કહે નાથ નિહાળો. કરૂણા સાગર બિરૂદ સભાળો. જ૦ ૮

મગળ દીવો.

દીવોરે દીવો પ્રભુ મંગળીક દીવો, અજર અમરપદ પ્રભુ ચીરં જીવો. દી૦૧
મંગળીક માળા ભકિત વિશાળા, ભકત વત્સળ પ્રભુ પરમ સુખાળા. દી૦૨
ચઉ ગઈ ચુરણ છેલ છબીલા, રાજ રાજેશ્વર રંગ રસીલા. દી૦૩
ત્રીલોક દીપક દેવ નિરંજન, ભવ તારક પ્રભુ ભવ ભય ભંજન; દી૦૪
રત્નવિજય કહે દેવ દુંદાળા, પરમેશ્વર પ્રભુ પરમ કૃપાળા. દી૦૫

સમાપ્ત.

જાહેર ખબર.

जनधर्म विजय पुस्तकालयमां

નિચેનાં પુસ્તકો તથા સામાન વ્યાજબી અને એકજ કીંમ

શ્રી મુનિપાતે રાસ.	૦-૧૦-૦
શ્રી મલ્લિજીન સ્તુતિ.	૦—૨-૦

જૈનધર્મનાં તમામ જાતનાં પુસ્તકો તથા કેશર, સુખડ, બરાસ, કસ્તુરી, અગરબત્તિ, સોનેરી તથા રૂપેરી વરખ તા બાદલો વગેરે આંગીનો તમામ સામાન તથા ચરવળા, કટાસણ કટાસણ વગેરે ઉપગરણો.

ઠેકાણું. વિરમગામ શ્રી શાંતીનાથજીના દેરાસર પાસે